# શહેરમાં વધુ ૩ કેસ નોંધાયા

**સેક્ટર-૭/બી, સેક્ટર-૭/સી અને સેક્ટર-૨૦માંથી એક-એક કોરોના પોઝિટિવ કેસ મળ્યા**
**સે.૪-એ અને સે. ૭-બી ના કન્ટેનમેન્ટ ઝોન અંગેના જાહેરનામા મનપા દ્વારા પ્રસિદ્ધ કરાયા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં વધુ ૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે મળેલા કેસોને પગલે તંત્રએ પણ તેની કામગીરી વેગીલી બનાવી છે.

આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દી અને એક યુવાનનો સમાવેશ થાય છે.

ગઈકાલે મોડી સાંજે સે. ૪-એ માં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ આજે આ દર્દીના ઘરની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી અને ઘરની પાંચ વ્યક્તિને હોમ ક્વોરોન્ટાઉન કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દીએ હોમ આઈસોલેશનમાં રહેવાની બાંહેધરી આપતાં તેમને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે. આ દર્દી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવાઓ આપી રહેલ છે.

જે ત્રણ નવા કેસ મળ્યા છે તેમાં સેક્ટર-૭ માંથી બે કેસ મળી આવ્યા છે.

સે. ૭-સીમાં રહેતી એક મહિલા જે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે સેવાઓ આપે છે તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. તંત્રએ સે. ૭-સી માં તાબડતોબ સેનીટાઈઝેશન સહિતની કામગીરી હાથ ધરી હતી.

આ દર્દીએ પણ હોમ આઈસોલેશનની બાંહેધરી આપતાં તેણીનીને હોમ આઈસોલેશન કરાયા છે. આ દર્દીના પરિવારના બે જ સભ્યો છે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૩ દર્દીઓને હોમ આઈસોલેશનની મંજૂરી તંત્ર દ્વારા આપવામાં આવી હતી. અગાઉ સે. ૮ માં એક દર્દીને હોમ આઈસોલેશનની મંજૂરી અપાઈ હતી. જો કે આ દર્દી રિકવર પણ થઈ ગયા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

સે. ૭-બી માંથી આજે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલાને ૨૦ દિવસ પહેલાં અમદાવાદ ખાતે એન્જીયોગ્રાફી કરવામાં આવી હતી. આ પછી છેલ્લા એકાદ સપ્તાહથી તેને તાવની ફરિયાદ હતી.

આજે તેણીનીનો રિપોર્ટ પોઝટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

આ મહિલા દર્દીના પરિવારમાં નવ સભ્યો છે તે તમામને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ત્રીજો દર્દી જે કોવિડ હોસ્પિટલમાં તબીબી અધિકારી તરીકે જોડાયો હતો તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. સે. ૨૦નો રહીશ ૨૫ વર્ષનો યુવાન છે. આ તબીબને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા સે. ૨૦ માં આ તબીબના નિવાસસ્થાને સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ તબીબ છેલ્લા ૧૫ દિવસથી તેના ઘરે ગયો જ ન હતો.

જો કે તંત્ર દ્વારા આ અંગે કરવાની થતી બધી જ કામગીરી હાથ ધરવામાં આવી છે.

મનપાના તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યાર સુધી નોંધાયેલ ૮૮ દર્દીઓ પૈકી ૫૪ દર્દીઓ સંપૂર્ણ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જ્યારે ૩૨ દર્દી હાલ એક્ટીવ પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં હાલ ૫૧૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

### નાયબ કલેક્ટર વેગડાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં સ્ટેમ્પડ્યુટીના નાયબ કલેક્ટર તરીકે સેવાઓ બજાવતા જે.એમ. વેગડાનો કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જિલ્લાતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

વેગડાનું નિવાસસ્થાનનું સરનામુ અમદાવાદ છે પણ તેમને સારવાર માટે ગાંધીનગર ખાતે દાખલ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ કોરોના પોઝિટિવના ૪ કેસ નોંધાયા

**સાદરાના એક જ પરિવારમાંથી વધુ ૩ સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ : કલોલમાં એક વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ : ૩૪૧૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હાલ છે : તંત્ર**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે જિલ્લાતંત્ર પણ હરકતમાં આવ્યુ છે. આજે વધુ ૨૨ જેટલા ગામોના વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોનમાં સમાવ્યા છે.

તંત્રએ ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે સર્વેલન્સ સઘન બનાવવાની પણ કડક સૂચનાઓ આપી છે તેમજ માસ્ક ફરજીયાત પહેરવાની અને લોકડાઉનના અસરકારક અમલીકરણ માટે પંચાયતોને તાકીદ કરી છે.

જિલ્લા આરોગ્યતંત્રની યાદીમાં જણાવાયા મુજબ ૩ પુરૂષ અને ૧ મહિલા દર્દીમાં આજે કોરોના પોઝીટીવના રિપોર્ટ આવતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટમલાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આજે ગાંધીનગર તાલુકાના સાદરા ગામે એક જ પરિવારના ત્રણ વ્યકતીઓનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

કપડવંજ સ્થાયી થયેલા સાદરાના વતની ડેન્ટીસ્ટ તબીબના પરિવારના અન્ય ત્રણ સભ્યોના પણ આજે રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જેમાં એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

તંત્ર દ્વારા સાદરામાં સર્વેલન્સ સઘન બનાવવાની સાથે દર્દીના ઘરને સેનીટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી છે. આજે સાંજે જિલ્લા કલેક્ટરે બહાર પાડેલા એક જાહેરનામામાં સાદરાના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન પણ જાહેર કરેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના પંચવટી વિસ્તાર સાથે સંકળાયેલ બોરીસણામાંથી એક વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્ય પર હાલ વાવાઝોડાનું સંકટ નથી : હવામાન વિભાગ

ગાંધીનગર, તા. ૨૬

અમ્ફાન બાદ ગુજરાત તરફ બની રહેલા નવા વાવાઝોડાની સિસ્ટમ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી હતી. જોકે, હવામાન વિભાગે જણાવ્યું કે આ અંગે હમણા ચિંતા કરવાની જરૂર નથી. જો એવી કોઈ સ્થિતિ સર્જાશે તો એ અંગે અગાઉથી જાણ કરવામાં આવશે. ગુજરાતના હવામાન વિભાગના ડિરેક્ટર જયંત સરકારે આ વિશે વાત કરતાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. આ સાથે બે દિવસમાં અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું હોવાની માહિતી આપી છે.

અરબી સમુદ્રમાં હળવું દબાણ સર્જાય બાદ ગુજરાત તરફ વાવાઝોડું આવવાની વાત હતી જેના પર જયંત સરકારે જણાવ્યું છે કે, આ અંગે અમે તમામ મૉડલ સ્ટડી કરી રહ્યા છીએ. જેમાં કોઈ કોન્સિયસનેસ દેખાઈ રહી નથી કે તે વાવાઝોડામાં પરિવર્તિત થશે કે નહીં. સતત આ વિષય પર ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. જો કોઈ અપડેટ દેખાશે તો તે અંગે એલર્ટ જાહેર કરવામાં આવશે. આગામી બે - ત્રણ દિવસમાં ખ્યાલ આવી શકે કે ગુજરાત તરફ વાવાઝોડું આવી રહ્યું છે કે નહીં. રાજ્યના દક્ષિણ અને સૌરાષ્ટ્ર તરફ વાવાઝોડું આવી રહ્યાની ચર્ચા પર જયંત સરકારે જણાવ્યું કે, કેટલાક મૉડલમાં એવું દેખાય છે કે તે વાવાઝોડાનું સ્વરૂપ લઈ શકે છે પરંતુ બાકી મૉડલ્સ તેનો અસ્વીકાર કરતાં દેખાઈ રહ્યા છે.



લોકડાઉનમાં શાકભાજીની ખરીદી અને વેચાણનો મહિમા ખૂબ જ રહ્યો હતો... લોકડાઉન-૪માં સાંજે ચાર વાગ્યે દુકાનો બંધ થાય તે પહેલા શાક વેચાઈ જાય એની ચિંતા શાકભાજીવાળાઓને હોય છે... રોજ તાજુ શાકભાજી લાવવાનું અને સમયસર વેચવાનો કઠોર વ્યવસાય છે...


## કોરોના વોરિયર્સ બની નિષ્ઠાપુર્વક સેવા આપતા શિક્ષકોની કદર થતી નથી

**આકરા તાપમાં શિક્ષકો પણ સેવા આપી રહ્યા છે : સરકાર તેમને પણ બિરદાવે તે અનિવાર્ય : શિક્ષકોની સેવાને પ્રોત્સાહીત કરવી અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૬

કોરાના મહામારીના કપરા કાળમાં સમાજ અને સરકાર દ્વારા ડોકટર અને પોલીસની કોરોના વોરિયર્સ તરીકેની સેવા બિરદાવામાં આવે છે. જયારે શિક્ષકો પણ સરકારના અનેકવિધ કાર્યક્રમોમા જોડાયેલા હોય છે તેમ કોરાનાની મહામારીમાં પણ આકરા તાપમાં પોતાની ફરજ નિભાવી રહ્યા છે. ત્યારે શિક્ષકોની પણ યોગ્ય કદર થાય સરકાર પણ તેમની કામગીરીને બિરદાવી પ્રોત્સાહીત કરે તેવી લાગણી પણ પ્રવર્તી છે.

કોરોના વાયરસની મહામારીમાં તબીબી આલમ, પોલીસતંત્ર સહીત શિક્ષકો પણ સતત ખડેપગે સેવા આપી રહ્યા છે.આમ પણ અનેકવિધ અન્ય સરકારી કાર્યક્રમોમાં પણ શિક્ષકોને જુદી જુદી સેવા આપી દેવામાં આવે છે. હાલ કોરોનાકાળ દરમિયાન કન્ટેનમેન્ટ ઝોન સહીતના વિસ્તારમાં પણ શિક્ષકો આકરા તાપમાં ખડેપગે સેવા આપી રહ્યા છે. આમછતા શિક્ષકોને બિરદાવાની કે પ્રોત્સાહન આપવાની વાત તદન વિસરાઇ ગઈ છે. જેના લીધે આમ નાગરિકો સહીત શૈક્ષણિક આલમમાં પણ રોષ પ્રવર્તયો છે. સરકારના ઉચ્ચ અધિકારીઓ તંત્રના ભરપેટ વખાણ કરવામાં આવે છે. જયારે મતદાર યાદી સહીતની કામગીરીમાં પણ શિક્ષકોને કામ સોંપવામાં આવે છે. શિક્ષકો ઘરે ઘરે ફરીને પોતાનુ કામ જવાબદારી પુર્વક કરે છે. આ ઉપરાંત સરકાર દ્વારા આપવામાં આવતી જવાબદારી પણ સંપુર્ણ નિષ્ઠાપુર્વક બજાવમવામા આવે છે. હાલ કોરોનાના કપરા સંજોગોમાં પણ શિક્ષકો પોતાના પરિવારને ઘરે મુકીને તેમની ફરજ નિભાવે છે આમછતા શિક્ષકોને સરકારની લીપ સિમ્ફથી પણ મળતી નથી કોરાના વોરિયર્સ તરીકે ડોકટર અને પોલીસને સરકાર અને સમાજ તરફથી કોરના વોરિયર્સ તરીકે સન્માનિત કરવામાં આવે છે.જે વાત પણ આવકાર્ય છે. પરંતુ શિક્ષકો પણ કોરોનાની મહામારીમાં તેમની નિષ્ઠાપુર્વક ફરજ બજાવી રહ્યા છે.તેમની પણ કદર થવી જોઈએ તેવી લાગણી પણ શૈક્ષણિક આલમમાં પ્રવર્તી છે. સરકારે પણ કોરોના વોરિયર્સની યાદીમાં શિક્ષકોની પણ પ્રસંશા કરી તેમના કામની કદર કરીને પ્રોત્સાહીત કરવા જોઈએ.

પ્રાર્થનાંજલિ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
॥ श्रीमद् भगवत गीता - २-२३ ॥

આત્માને શસ્ત્ર છેદી શકતું નથી,
આગ સળગાવી શકતી નથી,
પાણી ભીંજવી શકતું નથી
અને વાયુ સુકવી શકતો નથી....
॥ શ્રીમદ્ ભગવત ગીતા - ૨-૨૩ ॥

આપના પાવન આત્માને
લાખ લાખ વંદન...

પરમ પૂજ્ય ચુંદડીવાળા માતાજી
બ્રહ્મલીન તા. ૨૬-૫-૨૦૨૦

કશ્યપ હર્ષદભાઈ અમીન      શ્રદ્ધા કશ્યપ અમીન
પ્રભા મોટર્સ - પાટણ (ઉ.ગુ.)
પ્રભા ઓટોમોબાઈલ પ્રા. લિ. - વાપી (દ.ગુ.)
હર્ષદકુમાર ભાઈલાલભાઈ એન્ડ કંપની - ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com